RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 356 * Date: 16.10.2024,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ફ્રીબીઝ પર સુપ્રીમ કોર્ટની કેન્દ્ર અને ECને નોટિસ

## અરજીકર્તાની માગ - ફ્રી યોજનાઓના વચનને લાંચ તરીકે જાહેર કરો, તેના પર પ્રતિબંધ મુકો



સુપ્રીમ કોર્ટે એક અરજી પર કેન્દ્ર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે. પિટિશનમાં ચૂંટણી પહેલા રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતી મફત ભેટોના વચનોને લાંચ તરીકે જાહેર કરવાના નિર્દેશોની માગ કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટે આ અરજીને પેન્ડિંગ કેસોમાં જોડી દીધી છે. અરજદાર દલીલ કરે છે કે ચૂંટણી પહેલા રાજકીય પક્ષો દ્વારા વચન આપવામાં આવતા મફત પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવો જોઈએ.ફ્રીબીઝ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ દાખલ કરવામાં આવી છે. બે મુખ્ય અરજીઓ છે. નવી અરજી કર્ણાટકના શશાંક જે શ્રીધર દ્વારા દાખલ કરવામાં આવી છે. ૨૦૨૨માં બીજેપી નેતા અશ્વિની ઉપાધ્યાય ફ્રીબીઝ સામે પીઆઈએલ લઈને સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા.ઑક્ટોબર ૨૦૨૪: અરજીકર્તા શશાંક જે શ્રીધરે કહ્યું – મફતને લાંચ ગણવી જોઈએ અરજીકર્તા શશાંક જે શ્રીધરના વકીલ બાલાજી શ્રીનિવાસને સોમવારે (૧૪ ઓક્ટોબર) ઝ્રત્નૈં ઢરૂ ચંદ્રચુડની બેન્ચ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે વિધાનસભા અથવા સામાન્ય ચૂંટણી દરમિયાન મફત યોજનાઓનું વચન આપનાર રાજકીય પક્ષોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ વોટ માટે લાંચ અથવા પ્રલોભન તરીકે ગણવામાં આવે છે.જાન્યુઆરી ૨૦૨૨: બીજેપી નેતા અશ્વિની ઉપાધ્યાયે પીઆઈએલ દાખલ કરી બીજેપીના નેતા અશ્વિની ઉપાધ્યાય મફતમાં મળનારી પીઆઈએલ લઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા. તેમની અરજીમાં ઉપાધ્યાયે ચૂંટણી દરમિયાન મતદારોને રાજકીય પક્ષો દ્વારા મફત અથવા મફત ભેટોના વચનો બંધ કરવાની અપીલ કરી હતી. ચૂંટણી પંચે આવા પક્ષોની માન્યતા રદ કરવી જોઈએ તેવી માગ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટમાં અત્યાર સુધી શું થયું? ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ એનવી રમનાની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચ દ્વારા ઓગસ્ટ ૨૦૨૨માં ફ્રીબીઝ કેસની સુનાવણી શરૂ કરવામાં આવી હતી. આ બેંચમાં જસ્ટિસ જેકે મહેશ્વરી અને જસ્ટિસ હિમા કોહલી પણ હતા. બાદમાં તત્કાલિન ચીફ જસ્ટિસ યુયુ લલિતે કેસની સુનાવણી કરી અને હવે સીજેઆઈ ડીવાય ચંદ્રચુડ કેસની સુનાવણી કરી રહ્યા છે.

ચૂંટણી પંચે કહ્યું હતું- ફ્રી સ્કીમ્સની વ્યાખ્યા તમારે જાતે જ નક્કી કરવી જોઈએ ૧૧ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન, ચૂંટણી પંચે કહ્યું હતું કે પક્ષો દ્વારા ફ્રીબીઝ પર અપનાવવામાં આવેલી નીતિનું નિયમન કરવું ચૂંટણી પંચની સત્તામાં નથી. ચૂંટણી પહેલા મફત આપવાનું વચન આપવું કે ચૂંટણી પછી આપવાનું એ રાજકીય પક્ષોનો નીતિગત નિર્ણય છે. આ અંગે નિયમો બનાવ્યા વિના કોઈપણ પગલાં લેવાથી ચૂંટણી પંચની સત્તાનો દુરુપયોગ થશે. માત્ર કોર્ટે નક્કી કરવું જોઈએ કે ફ્રી સ્કીમ શું છે અને કઈ નથી. આ પછી અમે તેનો અમલ કરીશું.

## ભારતની એક પછી એક પાંચ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, તમામનું ઈમર્જન્સી લેન્ડિંગ

સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ દ્વારા મંગળવારે એક બાદ એક એમ પાંચ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી, જેમાં એર ઈન્ડિયાની દિલ્હીથી શિકાગો જનારી ફ્લાઈટ પણ સામેલ છે. ફ્લાઈટ્સમાં બોમ્બ હોવાની માહિતી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓએ ઍલર્ટ જાહેર કરીને તમામ ફ્લાઈટ્સનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું. જોકે, ફ્લાઈટ્સમાં હજુ સુધી કંઈ શંકાસ્પદ મળી આવ્યું નથી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પાંચ વિમાનોને ધમકી આપવામાં આવી, જેમાં એર ઈન્ડિયા એક્સપ્રેસની જયપુરથી અયોધ્યા થઈને બેંગાલુરૂ જનારી ફ્લાઈટ (ૈંઠ૭૬૫), સ્પાઈસ જેટની દરભંગાથી મુંબઈ જનારી ફ્લાઈટ (જીય્૧૧૬), અકાસા એરની સિલીગુડીથી બેંગાલુરૂ જનારી (ઊઁ ૧૩૭૩) અને એર ઈન્ડિયાની દિલ્હીથી શિકાગો જનારી ફ્લાઈટ (છૈં ૧૨૭) સામેલ હતી. આ સિવાય અન્ય એક ફ્લાઈટને પણ ધમકી મળી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસના વિમાનની અયોધ્યા ઍરપૉર્ટ પર સુરક્ષા તપાસ કરાઈ.આ ફ્લાઈટ દિલ્હીથી શિકાગો જઈ રહી હતી. ધમકી મળ્યા બાદ તેને કેનેડાના ઍરપૉર્ટ પર ડાયવર્ટ કરાઈ હતી. એરલાઈન સાથે જોડાયેલા એક અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. આ અંગે એક અધિકારીએ જણાવ્યું હતું કે, '૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ એરક્રાફ્ટ છૈં ૧૨૭એ દિલ્હીથી શિકાગો માટે ઉડાન ભરી હતી. સુરક્ષા ખતરા અંગે એક મેઈલમાં ઓનલાઈન પોસ્ટ કરાઈ હતી. ત્યાર પછી સાવચેતીના ભાગરૂપે તેને કેનેડાના ઈકાલુઈટ ઍરપૉર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું હતું.'

એર ઈન્ડિયાએ પીટીઆઈને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેથી નિર્ધારિત સુરક્ષા પ્રોટોકોલ મુજબ વિમાન અને મુસાફરોની ફરીથી તપાસ કરવામાં આવી રહી છે.' આ સિવાય સોમવારે બોમ્બની ધમકી બાદ મુંબઈથી ન્યૂયોર્ક જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને દિલ્હી ડાયવર્ટ કરવામાં આવી હતી. સ્ટાન્ડર્ડ સેફ્ટી પ્રોટોકોલને અનુસરીને એરક્રાફ્ટની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. જો કે આ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી.

## ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર ડ્રોન ખરીદશે:૩૨ હજાર કરોડની ડીલ ફાઇનલ, ત્રણેય સેનાઓને મળશે

અમેરિકા અને ભારત વચ્ચે મંગળવારે ૩૨ હજાર કરોડ રૂપિયાની ડિફેન્સ ડીલ ફાઈનલ થઈ ગઈ છે. આ અંતર્ગત ભારત અમેરિકા પાસેથી ૩૧ પ્રિડેટર (સ્ઊ-૯મ્ હન્ટર કિલર ડ્રોન) ડ્રોન ખરીદશે. આ અમેરિકન સ્ઊ-૯ રીપર ડ્રોનનું એક પ્રકાર છે.આ ડ્રોન ત્રણેય સેનાઓને આપવામાં આવશે. તેની જાળવણી અને સમારકામ માટે દેશમાં એક સુવિધા બનાવવામાં આવશે. સંરક્ષણ અધિકારીએ સમાચાર એજન્સી છદ્ગૈંને જણાવ્યું કે બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓએ મંગળવારે આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા.ગયા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં આ ડીલને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. અમેરિકાની ચૂંટણીના એક અઠવાડિયા પહેલા ભારતે અમેરિકા સાથે આ કર્યું છે.૧૫ ડ્રોન નેવી અને બાકીના આર્મી-એરફોર્સ વચ્ચે વિતરણ કરવામાં આવશે અમેરિકાનું જનરલ એટોમિક્સ આ ડ્રોન ભારતને આપશે. તેઓને ંદ્વજી રાજાની ચેન્નાઈ, પોરબંદર અને ગુજરાતમાં સરસાવામાં તૈનાત કરવામાં આવશે. આ સિવાય તેને યુપીના ગોરખપુરમાં પણ તૈનાત કરવામાં આવશે. ભારતીય નૌકાદળને ૧૫ સી ગાર્ડિયન ડ્રોન મળશે. એરફોર્સ અને આર્મીને આવા ૮-૮ ડ્રોન મળશે. પ્રિડેટર ડ્રોન સ્ઊ-૯ રીપર ડ્રોનનું એક પ્રકાર છે. હેલફાયર મિસાઈલ રીપર ડ્રોનથી લોન્ચ કરી શકાય છે. અમેરિકનોએ આ હેલફાયર મિસાઈલથી જુલાઈ ૨૦૨૨માં કાબુલમાં અલ કાયદાના નેતા અલ-ઝવાહિરીને મારી નાખ્યા હતા.આ ડ્રોન લગભગ ૩૫ કલાક સુધી હવામાં રહી શકે છે. આ સંપૂર્ણપણે રિમોટ કંટ્રોલ છે. આ માટે બે લોકોની જરૂર છે. એકવાર ઉડાન ભર્યા પછી તે ૧૯૦૦ કિલોમીટરના વિસ્તારનું નિરીક્ષણ કરી શકે છે. તે એક કલાકમાં ૪૮૨ કિલોમીટર ઉડી શકે છે. તેની પાંખોનો ફેલાવો ૬૫ ફૂટ ૭ ઈંચ અને તેની ઊંચાઈ ૧૨ ફૂટ ૬ ઈંચ છેભારત ત્રણેય સશસ્ત્ર દળો, જમીન, સમુદ્ર અને હવામાં સ્ઊ-૯મ્ ડ્રોન તૈનાત કરવા માગે છે. આ ડ્રોન બનાવનારી કંપની જનરલ એટોમિક્સે દાવો કર્યો છે કે તે બહુપ્રતિભાશાળી છે.કંપનીનું



કહેવું છે કે જાસૂસી, દેખરેખ, માહિતી એકત્ર કરવા સિવાય તેનો ઉપયોગ હવાઈ સહાય, રાહત-બચાવ કામગીરી અને હુમલાઓને રોકવા માટે થઈ શકે છે.આ ડ્રોનના બે પ્રકાર છે, સ્કાય ગાર્ડિયન અને સિબલિંગ સી ગાર્ડિયન. ભારત આ ડ્રોનને બે કારણોસર ખરીદી રહ્યું છે. પ્રથમ- ચીનને કોઈ સંકેત મળ્યા વિના ન્છઝ્ર સાથેના વિસ્તાર પર નજર રાખવા માટે. બીજું- દક્ષિણ ચીન સાગરમાં ચીનની ઘૂસણખોરી રોકવા.

## ભારત સરકાર ખુદ કરાવશે પન્નૂ કેસમાં અમેરિકન આરોપીની તપાસ, US જશે ભારતીય તપાસ કમિટી

અમેરિકન નાગરિક અને ખાલિસ્તાની આતંકવાદી સંગઠન 'શીખ ફોર જસ્ટિસ'ના જનરલ કાઉન્સિલ ગુરપતવંત સિંહ પન્નૂની હત્યાના ષડયંત્ર મામલે ભારતીય અધિકારીની સંડોવણીના આરોપોની તપાસ માટે રચાયેલી ભારતીય તપાસ કમિટી આજે (૧૫ ઓક્ટોબર) અમેરિકા જશે.



હાલમાં જ પન્નૂની હત્યાના પ્રયાસ મામલે ખુબ હોબાળો થયો હતો. આ દરમિયાન ભારત અને અમેરિકામાં આ મામલાને લઈને ખુબ જ નિવેદનબાજી થઈ હતી. દાવો કરાયો હતો કે ગુરુપતવંત સિંહ પન્નૂની હત્યાના પ્રયાસમાં ભારતીય અધિકારી સામેલ છે. હવે આ આરોપોની તપાસ માટે ભારતે એક કમિટી બનાવી છે. આ ટીમ આરોપોની તપાસ માટે અમેરિકા જશે. આ વાતની માહિતી અમેરિકન વિદેશ મંત્રાલયે આપી છે.આ કેસની તપાસ માટે આ કમિટી વોશિંગ્ટન જશે. જ્યાં તેઓ અમેરિકાના અધિકારીઓ સાથે વાત કરશે અને આ કેસની માહિતી મેળવશે. આ સિવાય વિદેશ મંત્રાયલે કહ્યું કે, ભારતે અમેરિકાને જણાવ્યું છે કે, તેણે આ મામલે તપાસ કરાવવા માટે પોતાના પ્રયાસ શરૂ રાખ્યા છે અને જરૂર પડવા પર તેઓ આગળની કાર્યવાહી કરશે.

અમેરિકન મીડિયાએ ગત વર્ષ પોતાના રિપોર્ટમાં દાવો કર્યો હતો કે અમેરિકામાં ગુરપતવંત સિંહ પન્નૂની હત્યાનું ષડયંત્ર રચાયું હતું, પરંતુ તે નિષ્ફળ કરી દેવાયું હતું. ત્યારબાદ અમેરિકાએ આ મામલાને ભારતની સામે પણ ઉઠાવ્યો હતો. ત્યારબાદ અમેરિકન વકીલોએ પન્નૂની હત્યાના કથિત ષડયંત્રનો આરોપ ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા પર લગાવ્યો હતો. નિખિલ ગુપ્તાની કેચ ગણરાજ્યમાં ધરપકડ કરાઈ હતી અને ૧૪ જૂને અમેરિકા પ્રત્યાર્પણ કર્યું હતું.

ભારતે આ આરોપો ફગાવ્યા હતા. ત્યારબાદ ભારતે આંતરિક તપાસ કમિટીની રચના કરી હતી. ત્યારે, આ વર્ષે જૂલાઈમાં ગૃહ મંત્રાલયે પન્નૂના શીખ ફોર જસ્ટિસ પર પ્રતિબંધને આગામી પાંચ વર્ષ સુધી લંબાવી દીધો હતો.

## દેશભરમાં ૮૪ લાખ વોટ્સએપ એકાઉન્ટ કરાયા બેન, મેટાની મોટી કાર્યવાહી

દેશના સૌથી મોટા સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ વોટ્સએપે દેશના આશરે ૮૪ લાખ એકાઉન્ટ બેન કરી દીધા છે. વોટ્સએપની મૂળ કંપની મેટાએ ફક્ત એક મહિનામાં જ આ કાર્યવાહી કરી દીધી છે. કંપનીનું કહેવું છે કે, તેમના પ્લેટફૉર્મનો ઉપયોગ સ્કેમ માટે કરવામાં આવી રહ્યો હતો, જેથી કરીને કંપનીએ આ શંકાસ્પદ એકાઉન્ટ બેન કરી દીધા છે. વોટ્સએપને ઘણા યુઝર્સે આ પ્રકારના સ્કેમની જાણકારી આપી હતી અને પ્લેટફૉર્મ પર આ પ્રકારની ફરિયાદ મળી રહી હતી.કંપનીની તરફથી રજૂ કરવામાં આવેલા ટ્રાન્સપરન્સી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે, યુઝરની સુરક્ષા માટે મેટાએ આશરે ૮૪,૫૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ બેન કરી દીધા છે. આ કાર્યવાહી માહિતી ટૅકનોલૉજી કાયદાની કલમ ૪(૧)(ઙ્ઘ) અને ૩૭(૭) નું પાલન કરવા માટે કરવામાં આવી છે. સતત મળી રહેલી ફરિયાદો બાદ વોટ્સએપે દેખરેખ વધારી દીધી હતી અને જે ખાતા શંકાસ્પદ જણાયા, તેને કંપનીએ બેન કરી દીધા છે.કંપની રિપોર્ટ મુજબ જાણવા મળ્યું કે, મેટાએ ૧થી ૩૧ ઑગસ્ટની વચ્ચે આ તમામ એકાઉન્ટ બેન કરી દીધા




છે. તેમાંથી ૧૬.૬૧ લાખ એકાઉન્ટને તાત્કાલિક બંધ કરી દેવાયા હતા, જો કે બાકીનાની તપાસ બાદ શંકાસ્પદ જણાતાં બેન કરવામાં આવ્યા. કંપનીએ ૧૬ લાખથી વધારે એકાઉન્ટને યુઝરની ફરિયાદ વિના જ બંધ કરી દીધા, કારણકે દેખરેખ દરમિયાન તેમના ખોટા ઉપયોગની વાત સામે આવી હતી.

## તંત્રી સ્થાનેથી..

# દેશમાં સસ્તા સ્ટીલની આયાત અટકાવવા સરકાર ટૂંક સમયમાં પગલાં જાહેર કરશે

મુંબઈ : ભારત સરકાર ચીનમાંથી સબસ્ટાન્ડર્ડ સ્ટીલની વધતી જતી આયાતને ધ્યાનમાં રાખીને ગુણવત્તાના કડક માપદંડોને વધુ વિસ્તૃત કરવાનું વિચારી રહી છે. સ્ટીલ મંત્રાલય દ્વારા ઓક્ટોબરની શરૂઆતમાં કરવામાં આવેલી વિગતવાર સમીક્ષામાં ભારતના સ્ટીલ સેક્ટરને આવી રહેલા પડકારોના અધ્યયન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિનામાં ભારત સ્ટીલનો નેટ આયાતકાર બની ગયો છે. સત્તાવાર માહિતી અનુસાર, દેશમાં આ સમયગાળા દરમિયાન ૩.૪૫ મિલિયન ટન સ્ટીલની આયાત કરવામાં આવી હતી, જ્યારે ૧.૯૨ એમટીની નિકાસ કરવામાં આવી હતી.અમેરિકા અને યુરોપિયન યુનિયને ટેરિફમાં વધારો કર્યો છે અને આ સમયગાળા દરમિયાન માંગ પણ નબળી પડી છે. આ કારણે ભારતમાં સ્ટીલ ડમ્પિંગનું જોખમ વધી ગયું છે. હવે ગુણવત્તાની ચકાસણી કડક કરવાનો સરકારનો હેતુ સ્ટીલની આયાતના ઘોડાપૂરને રોકવાનો છે. હાલમાં, સ્ટીલ મંત્રાલય દ્વારા જારી કરાયેલા 'નો-ઓબ્જેક્શન સટફિકેટ'ના આધારે ભલે ગુણવત્તા નિયંત્રણ ઓર્ડર્સ પહેલેથી જ અમલમાં હોય, ઘણા સ્ટીલ ગ્રેડને આયાત કરવાની મંજૂરી આપવામાં આવે છે.

જોકે હવે સરકાર સ્થાનિક સ્તરે ઉત્પાદન ન થતા સ્ટીલ ગ્રેડ માટે જ એનઓસી આપશે. આ કડકાઈને કારણે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ)નું પાલન ન કરતી સ્ટીલની આયાત બંધ થવાની અપેક્ષા છે.

સ્ટીલ મંત્રાલયે ૧૫૧ ગુણવત્તા નિયંત્રણ ઓર્ડર્સ હેઠળ ૧૨૭૯ સ્ટીલ ગ્રેડ માટે ધારા-ધોરણો જારી કર્યા છે, પરંતુ ૧૧૨૭ ગ્રેડને એનઓસી સાથે આયાત કરવાની મંજૂરી આપવામાં આવી છે. હવે અધિકારીઓ ગુણવત્તા નિયંત્રણ ઓર્ડર્સનો વ્યાપ વિસ્તારશે.

# ૧૬ ઓક્ટોબર, "વર્લ્ડ ફૂડ ડે"

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, કુપોષણનો સૌથી મોટો ફાળો બાળ મૃત્યુદર છે. જે મોટા ભાગે ભૂખમરાને કારણે અથવા પુરતો અને પૌષ્ટિક ખોરાક ન મળવાને કારણે થાય છે. દર વર્ષે અંદાજે લાખો બાળકો ભૂખથી મરે છે. ઓછું વજન અને આંતરડાની વૃદ્ધિ પર પ્રતિબંધનાં કારણે એક વર્ષમાં લાખો બાળકોના મૃત્યુનું કારણ બને છે.

વિશ્વની ભૂખ એ ખોરાકની ક્ષમતાના અભાવનું પરિણામ નથી, પરંતુ વિશ્વનાં અન્ન સંસાધનોની અસમાન વહેંચણી છે. વળી સાધનો ઉપલબ્ધ છે તો એનો યોગ્ય રીતે ઉપયોગ થતો નથી. બાળકોની સાથે ઘણા યુવાનો પણ આજકાલ જંક ફૂડ, માંસાહાર જેવી ચીજવસ્તુઓ ખાવાનાં કારણે જાતજાતની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. એવું જરૂરી નથી જ કે કાયમ ફળો અને કાચી શાકભાજીઓ પર જ નિર્ભર રહેવું, પણ સમય સાથે શરીરમાં બેલેન્સ જાળવવું આવશ્યક છે. આજકાલ ઘણા યુવાનો કે આધેડ વયના વ્યક્તિઓને હાર્ટ એટેકનાં આવવાનાં કિસ્સા જોવા મળતા રહે છે, તેનું એક કારણ હાઈપર ટેન્શન કે ઓવર સ્ટ્રેસ તો હોય જ પરંતુ એની સાથે સાથે ખાવાની ખોટી આદતો પણ સમાયેલી છે. એક સંશોધન અનુસાર માણસ જયારે વધુ પડતા સ્ટ્રેસમાં હોય છે ત્યારે એનાં ટેસ્ટ બડ્સમાં વધુને વધુ જુદા જુદા પ્રકારનાં એન્ક્ઝાઈમ ઉત્પન્ન થતાં હોય છે જે કાયમ જંક ફૂડની માંગણી કરતા હોય છે. તેનું કારણ માણસનાં શરીરમાં પહેલેથી જ જંક ફૂડથી બનેલા કોષો(સેલ્સ) હોય છે જે વધુને વધુ જંક ફૂડની માંગણીઓ કરતાં હોય છે. માસિક ધર્મનાં સમય દરમિયાન મોટા ભાગે સ્ત્રીઓની પણ આ અવસ્થા જોવા મળે છે. બીજું કારણ માંસાહાર ખાવાની આદત હોઈ શકે કારણ કે તે એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઇનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય એ માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત?વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત?વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દુર રહેવું જોઈએ. મિત્તલ ખેતાણી

# શરદ પૂર્ણિમા

આસો માસની પૂર્ણિમાને શરદ પૂનમ કે શરદ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસ પછી દશેરા આવે છે અને ત્યારબાદ જે પૂનમ આવે છે એને શરદ પૂનમ કહેવામાં આવે છે. શરદ પૂનમના દિવસે ચાંદલિયો આકાશમાં પૂર્ણ અને સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદ પુનમની રાતને રઢિયાળી રાત કહેવામાં આવે છે અને આ રાતનો નજારો ખરેખર માણવા લાયક હોય છે. શરદ પૂર્ણિમા આવ્યા પછી વાતાવરણમાં ધીરેધીરે ઠંડક પ્રસરાવા લાગે છે તેથી મોડી રાતે રજાઈ ઓઢવાની ફરજ પડે છે અને શરદ ઋતુનો પ્રારંભ થાય છે. ગુજરાતી પંચાગ પ્રમાણે બાર મહિનામાં જેટલી પણ પૂનમો આવતી હોય એનાં કરતાં શરદ પૂર્ણિમાનું વજૂદ અને મહત્વ અલાયદું છે. શરદ પૂર્ણિમાને કોશી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે.



શરદ પૂર્ણિમાના દિવસે કલાધર ચંદ્રમા એની સંપૂર્ણ શશીકલાઓ પ્રસારી સોળે કલાએ ખીલી અને દીપી ઉઠે છે. નિરભ્ર આસમાનમાં ચંદ્ર એવો જાજરમાન લાગે છે કે તે ચાંદનીની બારાતમાં જઈ રહ્યો હોય એવો ભાસ લાગે છે. આજના દિવસે ચંદ્રમા સોળે કળાએ ખીલીને શીતળ ચાંદની ફેલાવે છે. શરદપૂર્ણિમાના દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણે રાધાજી તથા ગોપીઓ સમેત જમુનાના તટ ઉપર સૂરીલી મધુરી મોરલીના સથવારે આખી રાત રાસલીલા રચાવી હતી. શરદ પૂર્ણિમાને કોજાગરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણાં કવિ/લેખકોએ પણ પોતાની રચનાઓમાં શરદપૂનમનો ઉલ્લેખ કરેલ છે.

" આસો માસો શરદ પુનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે, સખી મારા ચોકમાં રે."

" શરદ પૂનમની ચાંદની હો હો ચાંદની ખીલી છે ભલી ભાતની".

"શરદ પૂનમની રાતમાં એક વાર તમને જોયાં હતાં, તમને જોઈને અમે સુખ ચૈન ખોયાં હતાં ".
" હો પૂનમની પ્યારી પ્યારી રાત, મારી પ્રિયતમ સાથે છે મુલાકાત, આજે તું ના જાતી".

" સાંભળ સહિયર વાતડી ને નૌતમ આસો માસ, શરદ પૂનમની રાતડી ને ચંદ્ર ચઢ્યો આકાશ ".
" તમ વિરહમાં વેરણ થઈ ગઈ શરદ પૂનમની રાતડી રે".

શરદપૂર્ણિમાને માણેકઠારી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. એવી લોકવાયકા છે કે સાગરમાં ખુલ્લું થઈને પડેલું છીપલું, વરસાદનું ટીપું ગ્રહણ કરીને શરદ પૂનમના દિવસે સાચાં મોતીમાં પરિવર્તિત થાય છે. કહેવાય છે કે માત્ર માનસરોવરમાં વસેલાં હંસ જ સાચાં મોતી ખાય છે. શરદ પૂર્ણિમાના દિવસે જ કુલગુરુ વશિષ્ઠે રાજર્ષિ વિશ્વરથમાંથી વિશ્વામિત્ર બનેલાં મુનિશ્રીને પોતાના હાથે બ્રહ્મર્ષિની પદવી આપી હતી. આમ શરદ પૂનમનું મૂલ્ય કોઈ પણ પ્રકારે ઓછું આંકી શકાય નહીં.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જી.પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક

# 'સપનાનું ઘર' હવે રહીશો માટે 'સમસ્યાનું ઘર' બની ગયુ: કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આવાસ યોજનાઓ પાંચ થી દસ વર્ષમાં ખંડેર બની રહી છે

રાજયમાં આઠ મહાનગરો સહિત વિવિધ શહેરોની આવાસ યોજનાઓમાં મોટા પાયે અંધેર વહિવટ, નબળા બાંધકામ માટે ભાજપા શાસકોની કટકી, કમીશન, કોન્ટ્રાક્ટની નીતિ જવાબદાર હોવાના આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘરનું ઘર મળે તેવા હેતુથી શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજનામાં ગરીબ અને સામાન્ય વર્ગના લોકો માટે આશિર્વાદરૂપ થવાને બદલે ભ્રષ્ટાચારના કારણે આ આવાસ યોજનાના મકાનોની ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠી રહ્યાં છે. પોરબંદરમાં પોરબંદર ખાતે આવેલ ૨૪૪૮ આવાસ જે કોંગ્રેસની સરકારમાં મંજુર કરવામાં આવ્યાં હતાં તે આવાસો સંપૂર્ણપણે જર્જરીત થયા છે અને ૧૦ વર્ષમાં જ ત્યાં રહેનારા પરિવારો માટે ગમે ત્યારે દુર્ઘટના સર્જાય તે હદે જર્જરીત થઈ રહ્યાં છે. કરોડો રૂપિયાના કેન્દ્ર સરકારના સહયોગથી બનેલા મકાનોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે છતાં મુખ્યમંત્રી કે અન્ય સત્તાધીશો નાગરિકોની ફરિયાદો સાંભળવા તૈયાર નથી.ભાવનગરના ફુલસર પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોમાં પાયાના પ્રશ્નોના કારણે રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના સુભાષનગર વિસ્તારના હમીરજીપાર્કની બાજુમાં આવેલી ૨૫૪૮ પ્રધાનમંત્રી આવાસ યોજના બે વર્ષ પૂર્વે ગત ઓગસ્ટ-૨૦૨૨માં ફાળવવામાં આવી હતી. નાગરિકોએ મહામહેનતે અને મોટી આશા સાથે પોતાનું ઘર બનાવ્યું હોય છે પરંત માત્ર બે વર્ષના સમયગાળામાં જ આવાસ યોજનાના મકાનોની આવી દશાથી રહીશોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. પાલનપુર નજીક સદરપુર ગામે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આવાસ યોજના છેલ્લા ૮ વર્ષથી ધૂળ ખાઈ રહી છે. રાજીવ આવાસ યોજનાના ૧૩૯૨ આવાસ પાલનપુર તાલુકાના સદરપુરા ગામની ગૌચરની જમીનમાં બનાવી દેવાયા હતા. આ જમીનમાં પાલનપુર શહેરના ગંદા પાણીનો નિકાલ કરવા માટે નીમ કરાઈ હતી. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની આ જમીન પર પાલનપુર નગરપાલિકાએ કોઈપણ જાતની મંજૂરી વગર અથવા તો હેતુફેર કર્યા વિના જ કરોડોના ખર્ચે ૧૩૯૨ આવાસ ઊભા કરી દીધા પરંતુ વંચિતોને લાભ મળવાને બદલે આ આવાસ અત્યારે ખંડેર હાલતમાં છે અને ધૂળ ખાઈ રહ્યા છે. રાજયમાં એક બાદ એક શહેરમાંથી આવાસ યોજનામાં અંધેર વહીવટના નમૂના સામે આવી રહ્યા છે.

અમદાવાદના વટવા વિસ્તારમાં આવાસ યોજનાનાં એક હજારથી વધુ મકાન વપરાયા વગર જ પડ્યા પડ્યા જર્જરિત બની ગયાં હોવાની અને મ્યુનિ. સત્તાધીશોએ પણ ચૂપચાપ તેને તોડાવી નાંખવાનુ શરૂ કરી દીધુ છે. વટવામાં મ્યુનિ.નાં વિશાળ પ્લોટમાં ૧૦-૧૨ વર્ષ અગાઉ કેન્દ્રની યુપીએ સરકારનાં જેએનયુઆરએમની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી ગરીબ આવાસ યોજના બનાવવામાં આવી હતી. ચાર માળીયા તરીકે ઓળખાતી આ આવાસ યોજનામાં ૪૮ બ્લોક એટલે કે એક હજારથી વધુ મકાન બનાવવામાં આવ્યા હતા. એટલુ જ નહિ આવાસ યોજનાને ભૂકંપપ્રુફ અને મજબૂત બનાવવાનાં નામે પાયાથી ચાર માળ સુધી સળંગ આરસીસીનાં બ્લોક ઉભા કરાયા હતા. આ યોજના પાછળ ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા હતાં. રાજકોટમાં પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલા કૂલ ૧૨૮ મકાનો ધૂળ ખાઈ રહ્યા છે. ૨૦૨૨માં લોકાર્પણ કરી દેવાયા બાદ પણ હજુ લાભાર્થીઓને તેની ફાળવણી કરવામાં આવી નથી.

રાજકોટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલા ૧૨૮ આવાસોનું જૂન-૨૦૨૨માં લોકાર્પણ કરી દેવાયુ. પરંતુ આજ દિન સુધી આ આવાસોની તેના લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી નથી. બે વર્ષથી તૈયાર થયેલા મકાનો હાલ ધૂળ ખાઈ રહ્યા છે અને ખંઢેર બનવાની કગાર પર છે. પરંતુ તંત્રને ના તો સરકારના પૈસાની પડી છે ના તો ગરીબ લાભાર્થીઓની કંઈ પડી છે અને તેમના ગેરવહીવટના કારણે કરોડો રૂપિયાનું આંધણ થઈ રહ્યુ છે. મોરબી શહેરમાં પણ હાઉસીંગના મકાનોમાં મોટા પાયે ગેરરીતિ અને ગોલમાલ થઈ છે.

જામનગર જર્જરિત ૧૪૦૪ આવાસનું ડિમોલેશન શરૂ વર્ષ ૨૦૦૦માં બનેલા અંધશ્રમ અટક પાસે આવેલા આવાસ ઘણા સમયથી જર્જરીત હતા. રાજકોટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂડા દ્વારા વૃંદાવન સોસાયટીમાં ૯ વિંગમાં કુલ ૩૨૦ જેટલા ફ્લેટનું બાંધકામ કરવામાં આવ્યું છે. પરંતુ, કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોના પાપે નિર્માણકાર્યના માત્ર ૮ જ મહિનામાં સરકાર દ્વારા આપવામાં આવેલ 'સપનાનું ઘર' હવે રહીશો માટે 'સમસ્યાનું ઘર' બની ગયું છે. મકાનોમાં પોપડા પડવા લાગ્યા છે. નબળા બાંધકામના કારણે આવાસ યોજના હેઠળની આ સોસાયટીમાં બનેલા મકાનોમાં અવારનવાર પોપડા પડી રહ્યા હોવાથી રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. સુરત મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૧૩માં ભેસ્તાન ખાતે સરસ્વતી આવાસ બનાવ્યા હતા. આ યોજના હેઠળ ૨૦ બિલ્ડીગ બનાવી તેમાં ૬૪૦ લાભાર્થીઓને ફ્લેટ ફાળવવામાં આવ્યા હતા. શરૂઆતથી જ બિલ્ડીંગ ની કામગીરી સામે શંકા થતી હતી. ઈજારદારનો જવાબદારીનો પિરિયડ પૂરો થાય ત્યાં સુધીમાં આવાસ જર્જરિત થઈ ગયા હતા. આ બિલ્ડીંગનો સ્લેબ પડવાના અનેક બનાવ બન્યા બાદ આવાસ રહેવા લાયક નહીં રહેતા ખાલી કરાવાયા હતા.

વડોદરાના જીવણનગરમાં મ્જ્ઁ આવાસમાં લોકો જીવ હાથમાં લઈને જીવી રહ્યા છે. માત્ર ૧૦ વર્ષમાં ફાળવવામાં આવેલા મકાનો જર્જરીત, તિરાડો, પોલના દ્રશ્યો સામે આવ્યા છે. સુરતના ભેસ્તાનના સરસ્વતી આવાસ કૌભાંડમાં હાથ કાળા કરનારાઓને શોધવા વિશેષ સમિતિએ હજુ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે ત્યાં શહેરના બીજા વિસ્તાર એટલે કે ઉમરામાં નિર્મળનગર આવાસ પણ ૧૩ વર્ષમાં જ જર્જરિત થઈ ગયા. અઠવા ઝોનના ઉમરાગામ સ્થિત જીફદ્બ કેમ્પસ નજીકમાં પાલિકાની વિશાળ જમીન પર નિર્મ?ળ નગર આવાસનું નિર્માણ કરવા વર્ષ ૨૦૦૫માં ખાતમુહૂર્ત કરાયું હતું. આ નિર્મળ નગર આવાસ માટે કુલ ૧૭ બિલ્ડિંગમાં ૨૦૪ ફ્લેટના આયોજન સાથે શરૂ કરાયેલું નિર્માણ વર્ષ ૨૦૦૮માં પુર્ણ થયુ હતું. પણ માત્ર ૧૨ વર્ષમાં અહીંના મકાનો ખખડધજ થઇ ગયા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજનાઓમાં મોટાપાયે ગોલમાલ-ગેરરીતિ, ભ્રષ્ટાચાર, જર્જરીત બાંધકામ, નબળી ગુણવત્તા અને સુવિધાનો અભાવ સહિત માત્ર પાંચ થી દસ વર્ષમાં આફતોનો વરસાદ માટે જવાબદારો સામે ફોજદારી ગુન્હો દાખલ કરવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

# આગામી દિપાવલી પર્વ દરમ્યાન ગાયના ગોબર થી બનાવવામાં આવતા દિપક (દિવડા) સાથે ઇકો-ફ્રેન્ડલી દિપાવલીની ઉજવણી કરવા ડો.વલ્લભભાઈ કથીરિયા ની કરવા અપીલ



ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટીટ્યુશન્સ (ય્ઝ્રૈં)ના સ્થાપક ડો.વલ્લભભાઈ કથીરિયા એ કામધેનુ દિપાવલી અભિયાન અંગે માહિતી આપતા જણાવ્યુ કે, આ ઝુંબેશ ગાયના ગોબરમાંથી બનાવેલ કરોડો દિવડાઓ લોકોના ઘર સુધી પહોંચે અને દીપ પ્રગટાવવાના શુભ આશયને આ ઝુંબેશ સમર્પિત છે, જે એક પહેલ છે. જે ભારતીય પરંપરાનું સન્માન કરે છે. સાથે આરોગ્યમય અને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલીને પણ સમર્થન આપે છે. ગાયના છાણને પવિત્ર માનવામાં આવે છે અને તે લક્ષ્મીજીના નિવાસસ્થાન તરીકે ઓળખાય છે, આ દિવાઓ દિપાવલીની ઉજવણી માટે એક શુભ પસંદગી બનાવે છે.

ય્ઝ્રૈં ગાયના છાણમાંથી સુંદર ગોબર દિવડાઓ, ધૂપ, લક્ષ્મી અને ગણેશની દિવ્ય મૂર્તિઓ બનાવવાનું વ્યવહારુ માર્ગદર્શન આપી રહ્યા છીએ. આ પહેલ કામધેનુ દિપાવલી અભિયાનનો એક ભાગ છે. જે ગામના વિકાસ, રોજગાર નિર્માણ અને પર્યાવરણ સંરક્ષણ માટે ગાય સેવા (ગૌ સેવા)ના મહત્વ પર ભાર મૂકે છે. આ પહેલમાં ભાગ લઈને, આપણે મહિલાઓ અને યુવા રોજગારને ટેકો આપી રહ્યાં છીએ અને દિપાવલીની ઉજવણી માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી ના વોકલ ફોર લોકલ ના મંત્ર ને પ્રોત્સાહન આપી રહ્યાં છીએ. દિપાવલી માટે ગાયના છાણના ઉત્પાદનો શા માટે પસંદ કરવા જોઈએ તેના વિષે જણાવતા કહ્યું કે ગાયનું છાણ કુદરતી પોષક તત્ત્વોથી સમૃદ્ધ છે. જે જમીનને પુનર્જીવિત કરે છે, હવાને શુદ્ધ કરે છે અને રાસાયણિક - આધારિત ઉત્પાદનોની હાનિકારક અસરોને ઘટાડી શકે છે. ગાયના છાણના દિવડા ને પસંદ કરીને, આપણે માત્ર પ્રદૂષણ ઘટાડતા નથી પરંતુ સ્થાનિક ગાય, ખેડૂતો અને ઉદ્યોગ સાહસિકો ની આર્થિક સુખાકારીમાં પણ યોગદાન આપી રહ્યા છીએ. ગાયના ઉત્પાદનો જેમ કે દૂધ, ગોબર અને ગૌમુત્ર બહુવિધ સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે, વ્યક્તિગત સુખાકારી અને પર્યાવરણીય ટકાઉપણું બંનેમાં વધારો કરે છે. દરેક નાગરિકને આ પવિત્ર ચળવળનો ભાગ બનવા અને દીર્ઘકાલિન, આધ્યાત્મિક સુખાકારી અને સામુદાયિક વિકાસના સિદ્ધાંતો સાથે પડઘો પાડે તેવી રીતે દિપાવલીની ઉજવણી કરવા આમંત્રિત કરીએ છીએ. આ દિપાવલીએ ગોબરના દિવડા પ્રગટાવવો એ માત્ર ગૌ માતા પ્રત્યે આદરની પ્રતિકાત્મક ક્રિયા નથી પણ દેશના આર્થિક વિકાસ અને પર્યાવરણ સંરક્ષણના લક્ષ્યોમાં યોગદાન આપવાનો અસરકારક માર્ગ પણ છે.

ડો. કથીરિયા કામધેનુ દિપાવલી અભિયાન અંતર્ગત સશક્તિકરણ અને આત્મનિર્ભરતા વિષે જણાવે છે કે આ પહેલ ગાય આધારિત ઉદ્યોગોમાં કૌશલ્ય વિકાસ અને સાહસિકતા દ્વારા ગ્રામીણ મહિલાઓ, યુવાનો અને ગાય ખેડૂતોને સશક્તિકરણ કરીને આત્મનિર્ભર ભારત ના શક્તિશાળી પ્રતીક તરીકે ઉભી છે. પંચગવ્ય ઉત્પાદનો (ગાયનું છાણ, ગૌમૂત્ર, દૂધ, ઘી, દહીં) ની આર્થિક ક્ષમતા વિશાળ છે, જે આજીવિકા અને ગ્રામીણ સમૃદ્ધિ માટેની તકો પ્રદાન કરે છે, સાથે સાથે પર્યાવરણનું સંરક્ષણ પણ સુનિશ્ચિત કરે છે.

ચાલો આપણે સૌ દિપાવલીએ ગાય આધારિત ઉત્પાદનોને અપનાવીને આપણા ઘરોમાં પ્રકાશ, શુદ્ધતા અને સકારાત્મકતા લાવવાનો સંકલ્પ કરીએ. સાથે મળીને, આપણે એક સ્વ-નિર્ભર ભારતને પ્રોત્સાહન આપી શકીએ છીએ જે પરંપરા અને નવીનતા બંનેને મહત્ત્વ આપે છે. વધુ માહિતી માટે ય્ઝ્રૈં ના જનરલ સેક્રેટરી શ્રી મિત્તલભાઈ ખેતાણી મો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 126**
વિષય : ? સમય સમય ના વહેણ.
શિર્ષકઃ કાળનુ ગતિ ગહન છે.
શબ્દો : ૩૫૦
નામઃ મોહનભાઈ "આનંદ"

મહાભારતના યુદ્ધની તૈયારી થઈ ગઈ અને અર્જુન વિષાદ ગ્રસ્ત બની જ્ઞાની જેવી વાતો કરવા લાગ્યા, ત્યારે શ્રી કૃષ્ણે તેમને કર્તવ્ય બોધ કરાવ્યો.એ ગીતાનું જ્ઞાન છે, એ ઉપદેશ દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે । હું અત્યારે કાળ સ્વરૂપે અહીં પ્રગટ થયો છું. તું યુધ્ધ નહીં કરે તો પણ આ બધા મરવા ના નક્કી છે. માટે તું ધર્મયુદ્ધ કર .

આ એજ અર્જુન છે જેણે મહાભારતનું યુધ્ધ જીતી લીધું. પરંતુ કાબાઓસામે પરાસ્ત થઈ ગયો.આ એજ અર્જુન છે જે નર હોવા છતાં બૃહન્લા બનવું પડ્યું. એક રાજપુરૂષ અને ક્ષત્રિય હોવાં છતાં બ્રાહ્મણ નો વેષ ધારણ કરી મંતવ્ય વેધ કર્યો. એવાં જ દાખલા ઈતિહાસ માં છે રાજ નળ અને દમયંતી,રાજા હરિશ્ચંદ્ર, વગેરે ના ઉદાહરણ થી બધા પરિચિત છે.
સમય એ પૃથ્વી ઉપર ના વાતાવરણ અને બ્રહ્માંડની ગતિ વિધિ ગ્રહ નક્ષત્રોની ગતિ અને એ અવકાશી કિડની થતી અસર કાળમાન ના આધારે છે.કાળપુરષ અનંત છે એની વ્યાખ્યા ના થાય.પરંતુ આ જગત કાળને આધીન છે. કાળ એ શિવનું સ્વરૂપ છે, એમાં ત્રિગુણાત્મક માયા દ્વારા સંસાર ની રચના, સ્થિતિ અને લય છે. એમાં બ્રહ્માંડ ની ઉત્પત્તિ સ્થિતિ અને લય છે.આમ કાળની ગહન ગતિ છે.

માનવીય સંબંધો અને એનાં મૂલ્ય સમય સમય ને આધારે છે,કોણ , કોને ક્યાં શું જોઈએ, શું કરવું કે થવું જોઈએ,એ સમય ,ઉંમર દેશકાળ અનૈ પરિસ્થિતિ બધું કાળને આધીન છે. કાળનું સ્થૂળ ગણિત એટલે દિનમાન ,કે સૂર્ય ની ઉત્તરાયણ દક્ષિણાયન ગતિ અને ઋતુચક્ર, એટલું જ નથી, એની સૂક્ષ્મ સમજણ સ્થૂળ જગતથી ઉપર સૂક્ષ્મ જગત અને લોક લોકપાલ ,તથા બ્રહ્મદેવ આદિ સાથે જોડાયું છે.

આપણે સાદી વાતચીત કહીએ છે કે સમય સારો નથી સંભાળી ને રહો.સમય સાચવી લો, કશું શાશ્વત નથી બધું બદલાયા કરે એમ તમારો સમય પણ બદલાશે એવા દિલાસા આપી આપણે બધાને કર્તવ્ય માં જોડીએ છે.

કર્મો ની ગતિ કાળની અંતર્ગત છે, જન્મ અને મૃત્યુ કાળને આધીન છે. તમને સમયની સૂક્ષ્મતા નો બોધ થાય તો ઉત્તમ જીવન જીવી શકો.જીવનના રહસ્ય ને જાણી શકો.શાશ્વત આનંદ નો માર્ગ પ્રશસ્ત થઈ જાય અને કલ્યાણ ના માર્ગે જીવન ગતિશીલ બની, લક્ષ્ય હાંસલ કરી લે. અને જીવન આનંદમય બની જાય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય :-"સમય સમયના વહેણ"
શિર્ષક :- "સમય-સંજોગોનો શિકાર"
પ્રકાર :-પદ્ય. શબ્દોઃ- ૯૦

સમય-સંજોગનો શિકાર બન્યો છું,
છળ-કપટનો મોટો હાથો બન્યો છું,
સમય મારો સુધારવો છે છતાં પણ,
હવે મુસીબતોનો હું પહાડ બન્યો છું.

મતલબી લોકોનો મારગ બન્યો છું,
અંધારી આલમનો સરદાર બન્યો છું,
સમય મારો સુધારવો છે છતાં પણ,
હવે ગુનાખોરીમાં હું ફસાઈ ચૂક્યો છું.

નિર્દોષ લોકોનો સિતમગર બન્યો છું,
ઈન્સાનિયતનો ક્રૂર દુશ્મન બન્યો છું,
સમય મારો સુધારવો છે છતાં પણ,
હવે દુનિયાનું હું અટ્ટહાસ્ય બન્યો છું.

સમયના વહેણમાં ફસાઈ ચૂક્યો છું,
શતરંજની રમતનો પ્યાદો બન્યો છું,
સમયની જાળ મારે તોડવી છે "મુરલી",
હવે ગુનાખોરીનો હું ઈતિહાસ બન્યો છું.

ધનજીભાઈ ગઢીયા"મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:-226**
વિષયઃ-સમયસમયનાં વહેણ
પ્રકારઃ-પદ્ય
શિર્ષકઃ-સમય સમયનાં વહેણ
શબ્દ સંખ્યાઃ-૭૦

સમય સમયનાં વહેણ

?જિંદગી હવે થોડી છે માણી લેવા દો.
હજી થોડી મોજ મસ્તી કરી લેવા દો.

ઘડી બેઘડી તો દુઃખો ભૂલી જવા દો.
આનંદને હર એક પળ જોઈ લેવા દો.

વિસરેલા સૌ સ્મૃતિએ કરી લેવા દો.
સપનામાં જરી ગુફ્તગુ કરી લેવા દો.

જીવવાનું છે કેટલું? વિસરી જવા દો.
ઘડપણમાં મોજ મસ્તી કરી લેવા દો.

સમય સમયનાં વહેણ વહેવા તો દો.
મૃત્યના આગમનને વિસરી જવા દો.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**
વિષયઃ સમય સમયના વહેણ
શીર્ષકઃઅનિવાર્ય પરિવર્તનને સ્વીકારવું
પ્રકારઃ ગદ્ય લેખ શબ્દોઃ ૩૩૨

"સમય અને ભરતી કોઈની રાહ જોતા નથી" - આ પ્રાચીન કહેવત આપણને સમયની અવિરત પ્રકૃતિ વિશે ચેતવણી આપે છે, પસાર થતાં સમયનાં વહેણને તમે નથી અટકાવી શકતા કે નથી રોકી શકતા. ભરતી ઓટની જેમ, સમય મનસ્વી રીતે આગળ વધે છે, માનવ ઈચ્છાઓ અથવા સંજોગોથી બેધ્યાન રહે છે. આ સમજણ આપણને સમયની અમૂલ્યતા અને તેના સતત પ્રવાહને અનુરૂપ થઈને જીવવાની શીખ આપે છે.
બદલાતા સમય અને મૂલ્યો જે આપણી આસપાસ છે તે સમયની પરિવર્તનશીલ શક્તિનો પુરાવો છે. જે એક સમયે સ્વીકાર્ય માનવામાં આવતું હતું તે જૂનું થઈ શકે છે, અને તેને બદલવા માટે નવા ધોરણો બહાર આવે છે. આજના ઝડપી વિશ્વમાં, પરિવર્તનની ગતિ ખૂબ જ ઝડપી બની છે. તકનીકી ઉન્નતિ, વૈશ્વિકીકરણ અને સાંસ્કૃતિક દશ્યભૂમિના બદલાવે આપણે જે રીતે જીવીએ છીએ, ક્રિયાપ્રતિક્રિયા કરીએ છીએ અને વાસ્તવિકતાને અનુભવીએ છીએ તેને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું અનિવાર્ય બન્યું છે.
સમય આપણા જીવનને આકાર આપવામાં, આપણા નિર્ણયોને પ્રભાવિત કરવામાં અને આપણા ભાગ્યને ઘડવામાં ઊંડી ભૂમિકા ભજવે છે. તેની અસર બહુપક્ષીય છે, જે આપણા અસ્તિત્વના દરેક પાસાને અસર કરે છે. એક તરફ, સમય આપણને વ્યક્તિગત વિકાસ અને સ્વ-સુધારણાને સરળ બનાવવા, શીખવા, અનુકૂલન અને વિકાસ કરવાની મંજૂરી આપે છે. બીજી બાજુ, તે તકો અને પડકારો રજૂ કરે છે, જેના માટે આપણે આપણાં પ્રતિભાવને અનુકૂલન કરવાની જરૂર છે.
ચંદ્રગુપ્ત મૌર્ય દ્વારા સ્થપાયેલ મૌર્ય સામ્રાજ્યનો ઉદય અને પતન સમયના અક્ષમ્ય સ્વભાવની કરુણ સ્મૃતિપત્ર તરીકે સંભારણું આપે છે. એકવાર શક્તિશાળી અને સમૃદ્ધ સામ્રાજ્ય, આંતરિક ઝઘડા, બાહ્ય દબાણ અને બદલાતા સંજોગોને અનુકૂલન કરવામાં નિષ્ફળતાને કારણે આખરે તેનો અસ્ત થયો. આ ઐતિહાસિક પાઠ પરિવર્તનને સ્વીકારવા અને સમય સાથે વિકસિત થવાના મહત્વને રેખાંકિત કરે છે.
ભારતીય દર્શનશાસ્ત્રી, આદિ શંકરાચાર્યએ યોગ્ય રીતે કહ્યું, "સમય અનંત છે, અને તે જે ફેરફારો લાવે છે તે પણ અનંત છે. શાણો વ્યક્તિ આ ફેરફારોને સ્વીકારે છે, જ્યારે મૂર્ખ પ્રતિકાર કરે છે." આ ગહન નિવેદન સમય, પરિવર્તન અને માનવ અસ્તિત્વ વચ્ચેના ગતિશીલ આંતરપ્રક્રિયાને પ્રકાશિત કરે છે. આ વાસ્તવિકતાને સ્વીકારીને, આપણે જીવનની સમસ્યાઓને વધુ સમજદારી સાથે સામનો કરી શકીશું..
સમયના વહેણને ઓળખીને, તકોનો લાભ ઉઠાવવો જોઈએ અને પરિવર્તન માટે ગ્રહણશીલ રહીને અને નવા વિચારો અને દ્રષ્ટિકોણને અપનાવીને, આપણે સમયની પરિવર્તનશીલ શક્તિનો ઉપયોગ કરી શકીએ છીએ.

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. : 161**
વિષય : સમય સમયનાં વહેણ
પ્રકાર : અછાંદસ કાવ્ય
શિર્ષક : સમયનું વહેણ શબ્દો : ૧૩૦

સમયનું વહેણ∞
આમ જુઓ તો શું હતું, શું રહ્યું ને શું રહેવાનું!
જે છે એ પણ નથી રહેવાનું કે નથી ટકવાનું.
ક્ષણભંગુર આ દેહને મળ્યું આવરણ એક શ્વાસનું
કામ ના આવે એ પણ અંતે, હેમનું હેમ રહેવાનું.
આ તો સમય છે કે જેનું કામ છે વહેવાનું!

તારું મારું કર્યું સઘળું, આપણું પણ કોને કહેવાનું?
ચિતારાએ ચીતર્યું એ તો માટીમાં જ ભળવાનુ.
મૌનના એ પડઘાં એ તો ખૂણેખાંચરે શોધું,
શાંત ચિત્તે મળે કદી તો દિલનાં ત્રાજવે તોલું.
આ તો સમય છે જેનું કામ છે વહેવાનું!
ભવરણ માં ભટકીને સહુએ એમાં જ આળોટવાનું,
ભેખ ધરીને આયખું આમ સહજ જ જીવી જવાનું.
શું વાવીને શું લણ્યુ એ આસપાસ જોઈ વણવાનું,
લણી લણીને આપ્યું શું જગને એ જ તો વિચારવાનું.
આ તો સમય છે જેનું કામ છે વહેવાનું!
રચના ∞ ગ્રીષ્મા
આભાર - નિહારીકા રવિયા પંડ્યા ∞

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષયઃ-"સમય સમયનાં વહેણ"★
★શિર્ષક;- "હું બદલાતો સમય છું"★
★પ્રકારઃ- પદ્ય - શબ્દઃ-૧૪૭★

હું સમય છું, વહેણ બદલાતો સમય છું
ને, નિરંતર અવિરત વહેતો સમય છું
ના કોઈ છે બંધન મારે, સૌ ને છે બંધન મારું
ના કોઈ પકડી શકે મને, સૌ ને છે વળગણ મારું.
હું સાથે રહું, કે ના રહું, મારી સાથે રહેવું પડે.
ગયો સમય પાછો ન આવે,છતાં વહેતો રહું છું
કહે, સમય બદલાયો, અરે! હું ક્યાં બદલાવ છું.
સમય બદલાયો કહે, અહીં ક્યાં કોઈ બદલાય છે.
મને બાંધ્યો ઘડીયાળથી, મારે ક્યાં કોઈ બંધન છે
ચાલુ રહે, ના રહે, હું તો સતત વહેતો રહું છું.
આ તો સમય સમયનાં વહેણ છે, જે બદલાય છે
થાય, દિન--રાત, ક્યાં કોઈ કરામત છે મારી
મારા સમયનાં વહેણ સાથે દુનિયા ચાલતી રહે
મારું વહેણ ન બદલી શકે, બસ વહેંચી શકે મને. જો હું સ્થિર થઈ જાઉં,
દુનિયા થઈ જાય સ્થિર.

★નરેન્દ્ર ત્રિવેદી★

**N O G S S:168**
વિષયઃ સમય સમયનાં વહેણ
શીર્ષકઃ સમયનો ચક્ર
પ્રકારઃ પદ્ય. શબ્દઃ ૮૦

સમયનું ચક્ર ચડાવ ઉતાર છે
જાણી ગયો તે જીતી ગયો

ન સમજી શક્યો તે હારી ગયો
હારી ગયો તે પછતાયો

ચડી ગયો તે સુખી થયો
ઉતરી ગયો તે દુઃખી થયો

ચક્ર એજ વિકર્મનું છે
કર્મના સિદ્ધાંત મુજબ

ચક્ર એજ સર્જન વિસર્જન છે
? ચક્ર એ જ માનવની પરીક્ષા

જાગ્રત રહો તો અજવાળું છે
ન જાગ્યા તો અંધારું છે

અંધકાર એ જ અજ્ઞાન છે
અજવાળું એ જ્ઞાનનો પ્રકાશ છે

સમયમાં ઉત્સવ સદાબહાર છે
સદા કાળ સમય સમયના વહેણમાં

ડો. કનૈયાલાલ માલી 'ઉત્સવ'(ઉદયપુર)

# "વિકાસ સપ્તાહ" ઉજવણી અંતર્ગત ડાંગ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા વઘઇ આઇ.ટી.આઇ ખાતે "ઉદ્યોગ સાહસિકતા" વિષય ઉપર કાર્યક્રમ યોજાયો



ડાંગ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, આહવા દ્વારા તા.૧૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ વઘઈ આઇ.ટી.આઇ. ખાતે "વિકાસ સપ્તાહ" ઉજવણી અંતર્ગત "ઉદ્યોગ સાહસિકતા" વિષય ઉપર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મદદનીશ સહકારી અધિકારી શ્રી ડી.આર.વાઘ દ્વારા સરકારશ્રીની વિકાસગાથા રજૂ કરવામાં આવી તથા હાજર રહેલ ઉદ્યોગવાન્છુકોને ઔધ્યોગિક નીતિ વિશે જાણકારી આપવામાં આવી હતી.

તેમજ કુટિર ઉદ્યોગને લગતી યોજનાઓનું પ્રેઝન્ટેશન રજુ કરી ઉપસ્થિત ઉદ્યોગવાન્છુકોને જરુરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું.

ડાંગ જિલ્લા લીડ બેંક મેનેજર શ્રી વિશાલ પતંગે દ્વારા બેંકોને લગતી સેવાઓ, લોન ધિરાણ તેમજ બેન્કિંગ સુરક્ષા વિશે જરૂરી જાણકારી પુરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત ઉદ્યોગવાન્છુક સાથે પ્રશ્નોતરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૧૦૦ જેટલા વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પોતાની ખામીઓ ને સુધારો-સંત રાજીન્દર સિંહજી મહારાજ

દરેક ક્ષણે બદલાતી આ જિંદગીમાં આપણે બહુ જ લોકોથી મળીએ છીએ અને બહુ જ મુશ્કેલીઓનો સામનો કરીએ છીએ. જો આપણે આપણા મનને ખુલ્લું છોડી અને દરેક બીજા માણસ ના વચનો અને કાર્યો પર ટીકા ટિપ્પણી કરવા દઈએ તો આપણે તે ટેપ રેકોર્ડર જેવા બનીશું કે જે દરેક ઘટનાને વારંવાર સંભળાવે છે. આપણો દરેક શ્વાસ કીમતી છે જો આપણે તેને ફક્ત બીજાની આલોચના કરવામાં વ્યતીત કરી દઈશું તો આ જિંદગી બરબાદ થઈ જશે. અને પછી કોણ જાણે કે આવતી જિંદગીમાં આપણે શું બનીશું? પ્રભુએ આપણને દરેક બીજા મનુષ્યની આલોચના કરવાની નોકરી નથી આપી. આપણે તો આપણી પોતાની આલોચના કરવી જોઈએ.

આપણે આપણા બધા ખરાબ વિચારો, વચન અને કાર્ય નો ત્યાગ કરીને પોતાની અંદર સદગુણો ધારણ કરીએ. આપણે આપણી બીજાની ભૂલો અને ખામીઓ તરફ સહાનુભૂતિથી દેખાવું જોઈએ જેવી રીતે કે જ્યારે એક શિશુ અથવા નાનું બાળક ભૂલ કરે છે તો આપણે તેની નિંદા કરતા નથી.

જો આપણે આપણી રોજબરોજની જિંદગીમાં બીજા પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ને અપનાવી શકીએ તો આપણે જોઈશું કે પ્રભુ આપણાથી ખુશ છે અને વધારે થી વધારે પોતાની દયા વરસાવે છે. પછી આપણે આપણી ચારો તરફ ના લોકો માટે શાંતિ અને પ્રેમનો સ્ત્રોત બની જઈશું. જેનાથી આપણી ઉન્નતી ઝડપી થશે અને આપણામાં બીજા બધા સદગુણો પણ આવતા જશે.

જો આપણામાંથી દરેક મનુષ્ય આ મહાન લક્ષ્યને મેળવી શકે તો આપણે આ ધરતી સુવર્ણ યુગમાં પહોંચી જશે જેમાં કોઈ યુદ્ધ અને લડાઈ થશે નહીં. આપણે એવા સંસાર મેળવી શકીશું જેમાં દરેક મુશ્કેલી અને ઝઘડા નું સમાધાન શાંતિપૂર્ણ થશે.

# રોટરી ક્લબ દ્વારા માનસિક સ્વસ્થતા પર કાર્યક્રમ યોજાયો



૧૪ ઓક્ટોબર ના રોજ, રોટરી ક્લબ ઑફ બોમ્બે એરપોર્ટ (આરસીબીએ), રોટરી ક્લબ ઑફ બોમ્બે અને એટલાસ સ્કિલ ટેક ઇન્સ્ટિટ્યૂટના રોટરેક્ટર્સના સહયોગથી, એટલાસ સ્કિલટેક યુનિવર્સિટી, કુર્લા, મુંબઈ ખાતે 'ધ શ્રિંક એન્ડ ધ નટ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને જોડવા માટે રમૂજનો ઉપયોગ કરીને ડિપ્રેશન અને આત્મહત્યાની વૃત્તિઓ સહિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવાનો પ્રયાસ થયો હતો. મનોચિકિત્સક ડૉ. અંજલિ છાબરિયા અને હાસ્ય કલાકાર અતુલ ખત્રીએ સહાયક વાતાવરણને ઉત્તેજન આપતા સત્રોનું નેતૃત્વ કર્યું હતું. ડિસ્ટ્રિક્ટ ગવર્નર ચેતન દેસાઈ , પ્રમુખ અપૂર્વ પટેલ , પ્રથમ મહિલા મોના , ક્લબ સેક્રેટરી હર્ષા મહેતા, પ્રેસિડેન્ટ ઈલેક્ટ પ્રજ્ઞા મહેતા, ક્લબ લર્નિંગ ફેસિલિટેટર સુકેતુ જરીવાલા, મેડિકલ ડિરેક્ટર નીના ભાટિયા વગેરેના સામૂહિક પ્રયાસોએ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરી, માનસિક સ્વસ્થતા અને યુવા મનમાં જાગૃતિને પ્રોત્સાહન આપ્યું હતું,

## ખોટી રીતે મેડીકલેઈમ નાપાસ કરનાર ઇફ્કો ટોકીઓ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીએ ગ્રાહક સાથે ગ્રાહક સુરક્ષા કાર્ટમાં ૧ લાખ રૂપિયા સાથે સમાધાન કર્યું.

અમરેલી જીલ્લાના રહેવાસી સોનલબેન જયંતીભાઈ પરમારે મચ્છર જન્ય રોગ માટે ઈફકો ટોકીઓ જનરલ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી પોલીસી લીધેલ અને એ બાબતે સારવાર લીધેલ.અને કલેઈમ દેતી વખતે બિનકાયદેસર બહાના બતાવી ગ્રાહકનો કલેઈમ નામંજુર કરેલ. ગ્રાહકે અમરેલી ગ્રાહક સુરક્ષા કોર્ટમાં દાવો દાખલ કરેલ. આ દાવા માટે એડવોકેટ ચંદ્રસિંહ આર.રાણા રોકાયેલ હતા.એડવોકેટની ૯ મહિનાની પ્રક્રિયા બાદ ઈફકો ટોકીઓ ઈન્સ્યોરન્સ કંપનીએ દાવાની રકમ ૧ લાખ સાથે સમાધાન કર્યું હતુ.

# પદ્મિની બા અને તેના પતિ વચ્ચે બબાલ! ગિરિરાજસિંહને થઈ ઈજા, વીડિયો આવ્યો સામે

ક્ષત્રિય સમાજના મહિલા અગ્રણી પદ્મિની બા તેમના પતિ ગિરિરાજસિંહ વાળા સાથે બબાલ કરી રહ્યા હોવાનો કથિત વીડિયો વાઈરલ થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પદ્મિની બા અને તેમના પુત્ર સત્યજીતસિંહે મળીને તેમના પતિ ગિરિરાજસિંહ વાળા પર પાઈપથી હુમલો કર્યો હતો. જેને લઈને પદ્મિની બા વાળા ફરી ચર્ચામાં આવ્યા છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા કઈ બાબતો ઉગ્ર બોલાચાલી થઈ તેને લઈને ચર્ચા થઈ રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બબાલ દરમિયાન ગિરિરાજસિંહને ઈજા પહોંચી છે. જેને લઈને તેમને




સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ બાદ પોલીસે ગિરિરાજસિંહનું નિવેદન નોંધ્યું હતું. જોકે, આ અંગે પોલીસ દ્વારા કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. પોલીસે બંને પક્ષે સમાધાન થઈ જતાં મામલો થાળે પડ્યો હોવાની વાત કરી હતી.

આ સાથે ઈજાગ્રસ્ત ગિરિરાજસિંહ પણ મોડીરાત્રે ટૂંકી સારવાર લઈ હોસ્પિટલમાંથી રજા લઈને નીકળી ગયા હતાં.મળતી માહિતી પ્રમાણે, રાજકોટના રેલનગરમાં આવેલા રામેશ્વર પાર્ક-૫માં રહેતા ગિરિરાજસિંહ અનિરૂદ્ધસિંહ વાળા (ઉં.૪૭) ગઈકાલ રાત્રે ઘરે હતા. આ સમયે રાત્રે ૧ વાગ્યા આસપાસ તેમના પત્ની પદ્મિનીબા અને તેમના પુત્ર સત્યજીતસિંહ પાઈપ સાથે કારમાં ધસી આવ્યા હતા. કોઈ કારણોસર ઝઘડો કરી ગિરિરાજસિંહ પર પાઈપ વડે હુમલો કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અગાઉ પણ પતિ સાથેનો વિવાદ સામે આવ્યો હતો. જેમાં અજાણી વ્યક્તિ સાથે પદ્મિની બા વાળાની વાતચીત કરતો ઓડિયો વાઈરલ થયો હતો. પદ્મિની બાના પતિ સાથેના વિવાદની ચર્ચાનો ઓડિયોમાં ઉલ્લેખ થયો હતો. જેમાં પદ્મિની બા વાળાના પારિવારિક ડખાની ચર્ચા થઈ હતી.

# ડો. પ્રવીણ તોગડીયાજીની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક શ્રી મોહનજી ભાગવત સાથે થયેલ મુલાકાત

આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ ના સ્થાપક અને અધ્યક્ષ ડો. પ્રવીણભાઇ તોગડીયાજી ની મુલાકાત આજે તારીખ ૧૩.૧૦.૨૦૨૪ ના રોજ નાગપુર ખાતે થયેલ છે જેમા નીચેના વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી.

૧. ભારત અને દુનિયામાં (બાંગ્લાદેશ, પાકિસ્તાન, અમેરીકા, કેનેડા અને અન્ય મુસ્લિમ રાષ્ટ્રો) માં હિંદુઓની સ્થિતિ.


૨. ભારતમાં વધી રહેલ મુસ્લિમોની જનસંખ્યા, ઘટી રહેલ હિંદુઓ ની જનસંખ્યા અને બાંગ્લાદેશના ધુસણખોરોની સમસ્યાના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી.

૩. બધા જ હિંદૂઓ ને એક થવું જોઈએ... એક રહીશુ તો જ બચીશુ અને હિંદુ સુરક્ષા ના વિષય ઉપર ચર્ચા થઈ. ૪. હિંદુઓ માટે અમારા સંગઠનો આંતરરાષ્ટ્રીય હિંદૂ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, ઓજસ્વિનિ, રાષ્ટ્રીય મહિલા પરિષદ અને અન્ય સંગઠનો રામ સેતુ માં ખીસકોલી નું યોગદાન કરી રહ્યા છે અને કરશે જેની ચર્ચા થઈ.

૫. હિંદુ જ આગળ (હિંદુ હી આગે) ના માટે બધીજ હિંદુ શક્તિ ને સાથે લઈને અમે ચાલીશુ, સૌની સાથે અને સૌની પાછળ પણ અમે ચાલીશુ.

૬. અબ તો હિંદૂ હી આગે (હવે હિંદૂ જ આગળ)....

ઉપરોક્ત વિષયોની ચર્ચા આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ ના સ્થાપક અને અધ્યક્ષ ડો.





પ્રવીણભાઇ તોગડીયાજી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી મોહનજી ભાગવત સાથે આજે તારીખ ૧૩.૧૦.૨૦૨૪ ના રોજ નાગપુર ખાતે થયેલ છે.

## આસો નવરાત્રી ગાયત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે
# ગાયત્રીયજ્ઞ સમૂહમાં ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા કરવામાં આવ્યો



તા.૧૧-૧૦-૨૦૨૪ આસો સુદ-૯ શુક્રવારે બપોર પછી ૩-૦૦થી ૬-૦૦ દરમ્યાન આસો નવરાત્રી ગાયત્રી અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે ગાયત્રીયજ્ઞ સમૂહમાં ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા કરવામાં આવ્યો હતો યજ્ઞ કાર્યનું સંચાલન રંજનબેન તથા ભાવનાબેન પટેલ પટેલે સંભાળ્યું હતું જયારે હાલ માં વર્ષાઋતુમાં થતા રોગથી સંરક્ષણ મળે તેવા શુભ હેતુથી વિકાસ સપ્તાહ નિમિત્તે શ્રીમતિ મણીબેન સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક નિદાન સારવાર દવાઓ સાથે આયોજન કરવામાં આવ્યું હતું જેનો આશરે ૭૦ જેટલા ભાઈ બહનોએ લાભ લીધો હતો.૩-૧૦-૨૦૨૪ ગુરુવાર આસો સુદ-૧ થી આસો નવરાત્રીના શુભારંભે ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા સમૂહમાં દરરોજ ૧૨ ગાયત્રી ચાલીસાનો પાઠ,ગાયત્રી મંત્ર,મહામૃત્યુંજય મંત્ર,ભજન ગાયત્રી અનુષ્ઠાન નિમિત્તે સમગ્ર વિશ્વના કલ્યાણાર્થે સૌને સદ્ બુધ્ધિ,ઉજજવળ ભવિષ્ય, નિરામય જીવની પ્રાપ્તિના શુભાશય હેતુથી નવ દિવસ દરમ્યાન દરરોજ બપોર બાદ ૩-૦૦ થી ૫-૦૦ નારણપુરા ગામ, પહેલો વાસ,કામિનીબહેન રાકેશભાઈ પટેલના ત્યાં કરવામાંઆવ્યુંહતુ.અંતમાં છેલ્લા દિવસે બહેનો દ્વારા સમૂહમાં પૂર્ણાહુતિ ગાયત્રીયજ્ઞથી કરવામાં આવીહતી

# ઝિંદગ્નામાના શ્વેતા બાસુ પ્રસાદે શું કહ્યું માનસિક સ્વાસ્થ્ય બાબતે.

ઝિંદગી નામા, સોનીએલઆઈવી પર છ એપિસોડનો કાવ્યસંગ્રહ, માનસિક સ્વાસ્થ્યની જટિલતાઓને પ્રકાશિત કરે છે, શક્તિશાળી વાર્તા કહેવા અને તારાઓની અભિનય દ્વારા કલંકનો સામનો કરે છે.પ્રત્યેક એપિસોડ એક અલગ માનસિક સ્વાસ્થ્ય સ્થિતિની શોધ કરે છે, સહાનુભૂતિને ઉત્તેજન આપે છે અને વાર્તાલાપને પ્રોત્સાહિત કરે છે જેને સમાજમાં વારંવાર અવગણવામાં આવે છે.

“સૌથી મોટી ગેરસમજ એ છે કે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ માત્ર વિશેષાધિકૃત અથવા શ્રીમંતોને અસર કરે છે. આપણે ઘણીવાર એવી વાતો સાંભળીએ છીએ કે, ‘આપણી સાથે આ કેવી રીતે થઈ શકે?‘, ‘તેને ભૂત વળગ્યું છે‘ અથવા ‘તે કાળો જાદુ છે‘. આ વાર્તાઓ હાનિકારક છે અને સંઘર્ષ કરી રહેલી વ્યક્તિને અમાન્ય લાગે છે. સ્વીકૃતિ એ પ્રથમ પગલું છે. આજે, ઘણી બધી માહિતી ઓનલાઈન છે પરંતુ હજુ પણ વાસ્તવિક સમજણ ઓછી છે.”તેણીના શબ્દો જીંદગીનામાના સારને કેપ્ચર કરે છે - માનસિક સ્વાસ્થ્ય વિશે લાંબા સમયથી ચાલતી દંતકથાઓને પડકારે છે અને સમાજને સહાનુભૂતિ, સંભાળ અને જવાબદારી સાથે તેનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરે છે.



અપલાઉઝ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા પ્રસ્તુત અને એમ્પાવર દ્વારા કન્સેપ્ટ સાથે એન્ટિમેટર દ્વારા નિર્મિત, ઝીંદગીનામાં એ મહત્વના સામાજિક મુદ્દાઓને સંબોધવામાં વાર્તા કહેવાની શક્તિનો પુરાવો છે. આ શ્રેણી માનસિક સ્વાસ્થ્યની આસપાસ સમજણ અને સહાનુભૂતિને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે, જે તેને સમકાલીન સાહિત્યમાં એક મહત્વપૂર્ણ ઉમેરો બનાવે છે.

# વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ડાંગ જિલ્લાના ગલકુંડ ખાતે ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો

**આહવા**

**વડાપ્રધાનશ્રી અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજયની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વર્ષ-૨૦૦૧ થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથા હેઠળ તા. ૦૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવણી થઈ રહી છે. જેની ફળશ્રુતિ**



રૂપે તારીખ ૧૪ ઓક્ટોબરના રોજ ડાંગ જિલ્લાના ગલકુંડ ખાતે જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, આહવા તાલુકામાં નિર્માણ પામનાર રસ્તા, પુલ, કોઝ વે/પુલ રિપેરીંગના કુલ રૂપિયા આહવા તાલુકાના રૂ. ૬૧.૮ કરોડના ખર્ચે કુલ ૧૭ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

જેમા આહવા તાલુકાના એમ.એમ.જી.વાય વર્ષ ૨૦૨૩/૨૪ યોજના હેઠળ, રોડ રીસરફેસિંગની કામગીરી/સ્ટ્રકચર રિપેરિંગની કામગીરી/નવા પુલની કામગીરી, બજેટ ઉચ્ચક જોગવાઈ ૨૦૨૩/૨૪ યોજના હેઠળ સ્ટ્રકચર રિપેરિંગ/નવા સ્ટ્રકચર રિપેરિંગ/રોડ રીસરફેસિંગની કામગીરી તેમજ માર્ગ મરામત રીસરફેસિંગની કામગીરીના કુલ રૂ. ૬૧.૮ કરોડના ખર્ચે કુલ ૧૭ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે "વિકાસ સપ્તાહ" અંગે જાણકારી આપતાં શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૩ વર્ષ સુશાસનના, લોક વિશ્વાસ અને અવિરત વિકાસના છે. આઝાદીના અમૃતકાળ માં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી વિકાસની કેડી પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહી છે.

વિકાસ સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ આગામી યુવા પેઢીને રાજ્યના વિકાસમાં સહભાગી થઈ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને ચરિતાર્થ કરી સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન અદા કરવાનું છે. તેમ પણ શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બાગુલ સહિતના પદાધિકારીશ્રીઓ, પંચાયત કાર્યપાલક ઈજનેર શ્રી આર.બી.ચૌધરીતેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહાત્મા મંદિર ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
# વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બોટાદ ખાતે ૫૩ કરોડના ખર્ચે બનેલા કુલ-૨૪૦ આવાસોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત મહાત્મા મંદિર ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પોલીસ હેડ ક્વાર્ટર-બોટાદ ખાતે નવનિર્મિત બી કક્ષાના ૫૩ કરોડના ખર્ચે બનેલા કુલ-૨૪૦ આવાસોના લોકાર્પણનો કાર્યક્રમ એસ.પી. કચેરી ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જેઠીબેન પરમાર, ગઢડાના ધારાસભ્ય મહંતશ્રી શંભુપ્રસાદજી ટુંડીયા અને પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ શ્રી ગૌતમ પરમારની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ અવસરે પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ શ્રી ગૌતમ પરમારે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, “બોટાદ જિલ્લા પોલીસને ૫૩ કરોડના ખર્ચે બનેલા કુલ-૨૪૦ આધુનિક આવાસોની ભેટ મળી છે. સુંદર સુવિધાસભર અત્યાધુનિક આવાસો બનાવવામાં આવ્યા છે જેમાં ફર્નિચર, કિચન સાથે ૨ બેડરૂમ ગેલેરી તેમજ ગેસ કનેક્શન સાથેના આવાસો




દિવાળી પહેલા ભેટરૂપે મળતા પોલીસ પરિવારમાં ખુશીનો માહોલ છે.”આ અવસરે રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પોલીસ કર્મી જવાનોને પ્રશસ્તિ પત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા. તેમજ પોલીસ વિભાગના ×તેરા તુજકો અર્પણ અભિયાન× અંતર્ગત મુળ માલિકોને તેમના વાહન અને મોબાઈલ ફોન પરત આપ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત વિધિ બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે.એફ.બળોલીયા દ્વારા કરવામાં આવી હતી. અત્રે મહત્વનું છે કે, વિકાસ સપ્તાહ ઉજવણી કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ૨ હજાર કરોડથી વધારે રકમના કામોના રાજ્યના વિવિધ જિલ્લાઓના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જે મહાત્મા મંદિર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સહિતના મહાનુભાવોના હસ્તે ઈ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બોટાદ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે નિર્માણ પામેલાં અદ્યતન સુવિધાઓ સાથેના વિશાળ જગ્યામાં નિર્માણ કરાયેલા બી કક્ષાના કુલ ૨૪૦ આવાસોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી પી.એલ.ઝણકાત સહિતના અધિકારીશ્રીઓ તેમજ મધુસૂદન ડેરીના ચેરમેન ભોળાભાઈ રબારી, માર્કેટીંગ યાર્ડના ચેરમેન મ ન હ ર ભ ા ઈ માતરીયા,પાલજીભાઈ પરમાર સહિતના અગ્રણીશ્રીઓ તેમજ પોલીસ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા ગેસ કંપની દ્વારા ગેસ લાઈનનું શિફ્ટિંગ કરતા પુરવઠો બંધ કર્યો : ૧૦,૦૦૦ ગ્રાહકોને અસર

વડોદરા શહેરના જેતલપુર વિસ્તારમાં ડ્રેનેજ નાખવાની કામગીરી દરમિયાન નડતરરૂપ ગેસ લાઈન હોવાથી તેનું શિફ્ટિંગ કરવામાં આવતા ગેસનો પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. જેને કારણે આજે વડોદરા શહેરના દાંડિયા બજાર માર્કેટ જયરત્ન બિલ્ડીંગ તેમજ આજુબાજુના વિસ્તારના ૧૦,૦૦૦ ગેસના ગ્રાહકોને સતત બે કલાક સુધી ગેસનો પુરવઠો મળી શક્યો ન હતો.

વડોદરા શહેરમાં કેટલીક જગ્યાએ જૂની જર્જરિત થઈ ગયેલી ગેસ લાઈનો બદલવાની કારણે અવારનવાર લીકેજ થતા રહે છે. તેના સમારકામ માટે તાત્કાલિક ગેસ કંપની ગેસ પુરવઠો બંધ કરી કામગીરી કરતી હોય છે. તેના સ્થાને આ આજે વડોદરા કોર્પોરેશન દ્વારા ડ્રેનેજની લાઈન નાખવાની કામગીરી કરવાની હોવાથી આજે ગેસ કંપની દ્વારા જેતલપુર વિસ્તારની ગેસ લાઈન શિફ્ટિંગ કરવામાં આવી હતી. જેથી તાત્કાલિક અસરથી ગેસનો પુરવઠો બંધ કરવાની ફરજ પડી હતી. વડોદરા ગેસ કંપની દ્વારા ગેસ લાઈન શિફ્ટિંગ કરવાની કામગીરી સતત એક કલાક સુધી ચાલતી હતી જેના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ગેસ પુરવઠો બપોરના સમયે બંધ કરવામાં આવતા અનેક લોકોના ઘરમાં તેમજ વિવિધ વિસ્તારમાં આવેલા રેસ્ટોરન્ટમાં ગેસનો પુરવઠો નહી પહોંચતા બપોરનું જમવાનું બનાવવામાં તકલીફ પડી હતી



**આજરોજ તારીખ ૧૫/૧૦/૨૪ મંગળવાર ના રોજ ૧૧૩૦ વાગ્યે માનનીય શ્રી રાવજીભાઈ પટેલ મંત્રીશ્રી ગુજરાત સરકાર ગાંધીનગર ને રૂબરૂ મળી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ ની રજૂઆત વિગતવાર કરી અને મુદો નિતી વિષયક છે એ માટે આગળની કાર્યવાહી થતી નથી.ગુજરાત ના મોટાભાગ માન.સાસદો પૂર્વ સાંસદો ધારાસભ્યોશ્રી ના અંગત ભલામણ પત્ર સહિત ની? સંપુર્ણ ફાઈલ તેમને માગણી?.. કરતા આપી દીધી છે.આગળની કાર્યવાહી તેઓ તુરંત કરશે તેવી ખાત્રી આપી છે. ઘણી? વ્યસ્તતા માં મુલાકાત આપી શાંત પૂર્વક સાંભળ્યો તે બદલ મંત્રીશ્રી નો આભાર.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.